ગાંધીનગર સમાચાર





## મોડાસા બસ સ્ટેન્ડમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં જાણીતી સેવાકીય સંસ્થા દ્વારા મોડાસા શહેરમાં જેસીઆઈ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં દરરોજ સમાજ ઉપયોગી અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહક રૂપ કાર્યક્રમો યોજવામાં આવે છે. રવિવારના દિવસે સવારે ૮ વાગે જેસીઆઈ ટીમ અને મોડાસાની કુલદિપ હોસ્ટેલના વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. જેમાં જેસીઆઈ ટીમના સભ્યો અને કુલદીપ હોસ્ટેલના વિદ્યાર્થીઓએ મોડાસા શહેરના સમગ્ર એસ.ટી. સ્ટેન્ડમાંથી કચરો ગંદકી હટાવી સ્વચ્છ બનાવ્યું હતું. મોડાસા ડેપોના કર્મચારીઓ અને નગરજનોએ સ્વચ્છતા અભિયાનની સરાહના કરી હતી. મોડાસા જેસીઆઈના ધર્મેન્દ્ર ત્રિવેદી, અતુલ જોષી, ઈર્શાદ રાજપુરા, મુકુન્દભાઈ શાહ અને કુલદીપ હોસ્ટેલના સંચાલક અલ્પેશભાઈ પટેલ અભિયાનમાં જોડાયા હતા. (તસવીર : જય અમીન, મોડાસા)

# સમાજમાં તમામ સમસ્યાનો ઉકેલ શિક્ષણમાં છે : એહમદ પટેલ

અમદાવાદ, તા. ૧૩

તમામ સમસ્યાનો ઉકેલ શિક્ષણમાં છે, અજ્ઞાનતા, અશિક્ષણ અને માહિતીના અભાવે મુશ્કેલીઓ આવે છે. શિક્ષણ આ બધી બીમારીનો ઈલાજ છે. ઈંટ-માટી-ચુના-પથ્થરથી નહિ પણ સામાજીક એકતા-કોમી એકતાથી રાષ્ટ્ર નિર્માણ થાય છે. ત્યારે વધુમાં વધુ શિક્ષણ લોકો સુધી પહોંચે તે માટે સમાજમાં કામગીરી કરવી આવશ્યક છે. ભરૂચ જિલ્લા મુસ્લીમ પટેલ સહાયક મંડળના વાર્ષિક સમારોહ અને તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહમાં પ્રેરક ઉદબોધન કરતાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીના રાજકીય સચિવશ્રી અહમદભાઈ પટેલે જણાવ્યું હતું કે, શિક્ષણ અને આરોગ્ય સેવા દ્વારા સમાજનું ઘડતર થશે. સમાજના તમામ યુવાન-યુવતીઓ વધુમાં વધુ અભ્યાસ કરે તે માટે સમાજ અને સંસ્થા તકો અને માર્ગદર્શન પુરૂ પાડે. જે રીતે તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેમને આજે પારિતોષિક મેળવ્યા છે તે વિદ્યાર્થીઓ-વાલીઓ ખાસ કરીને માતાઓ અભિનંદનને પાત્ર છે.

બાળકોમાં સંસ્કારનું સિંચન અને અભ્યાસ માટે બાળકનું વિશેષ ધ્યાન માતાઓ રાખતી હોય છે. ત્યારે



આજના આ શુભ પ્રસંગે માતા-બહેનોને હું મુબારકબાદ આપું છું. માતા-પિતા દ્વારા બાળક પર કોઈ પણ વાત ઠોકી દેવાની જરૂર નથી. બાળકના રસ અને રૂચી મુજબ જ અભ્યાસ કરવાની તકો આપવી જોઈએ. અગાઉ આ સંસ્થામાં અઢાર વર્ષ પહેલા આ કાર્યક્રમમાં ભાગીદાર થયો હતો.

એવો સમાજ કે જે તંદુરસ્ત હોય અને શોષણમુક્ત હોય એ સમાજ રાષ્ટ્રના વિકાસમાં અહમ ફાળો આપે છે. જે રીતે સરકારની વિવિધ યોજનાઓ વધુમાં વધુ લોકો સુધી પહોંચી શકે તે પ્રકારનું નેટવર્કીંગ કરવું જરૂરી છે. સંસ્થા દ્વારા તૈયાર થયેલ વેબસાઈટને લોંચિંગ કરતા સાંસદશ્રી અહમદભાઈ પટેલે જણાવ્યું હતું કે, વેબસાઈટના માધ્યમથી માત્ર કુટુંબોની માહિતી પુરતી જ સીમિત ન રહેવું જોઈએ. પણ હકીકતમાં દરેક કુટુંબની પૂરેપૂરી વિગત મેળવી અને તેમના દાદા-પરદાદા સહિતની ફેમીલી ટ્રી, ધંધા-રોજગાર, શિક્ષણની વિગતો, આરોગ્યની સ્થિતિ સહિતની બાબતોને જોડવી જોઈએ. સમાજમાં સારૂ કામ કરતી સંસ્થાઓ સાથે પણ જોડાણ કરવું જોઈએ. વાડાબંધી કરવાની કોઈ જરૂર નથી. સંસ્થાએ આગામી સ્પર્ધાત્મક સમયમાં સમાજના યુવાન-યુવતીઓ યુપીએસસી-જીપીએસસી સહિતની પરીક્ષાઓ માટે તૈયાર કરે તે રીતે કોચિંગની વ્યવસ્થા કરવી જોઈએ. જે જરૂરતમંદો છે તેઓને વિવિધ યોજનાઓના લાભ મળે તે માટે સંસ્થાએ માધ્યમ બનવું જોઈએ અને સમાજમાં સક્ષમ લોકોએ પણ જરૂરતમંદોને મદદ કરવા આગળ આવવું જોઈએ. નવી પેઢી અને જૂની પેઢીએ સાથે મળીને સામાજીક પ્રવૃત્તિઓને વેગ આપવો જોઈએ. માત્ર સરકાર પર આધાર રાખવાથી વિકસિત સમાજની રચના થઈ શકશે નહિ. વ્યક્તિ મજબુતથી સમાજ મજબુત અને સમાજ મજબુતથી રાષ્ટ્ર મજબુત, આમ સમાજ આધારિત સંગઠનથી રાષ્ટ્ર નિર્માણના કામમાં જોડાવું જોઈએ.

ભરૂચ જિલ્લા મુસ્લિમ પટેલ સહાયક મંડળના પ્રમુખશ્રી મુસ્તાકભાઈ ગોડીવાલાએ સ્વાગત પ્રવચન કર્યુ હતું અને મુબારકભાઈએ આભારવિધિ કરી હતી. તેજસ્વી વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક, શિષ્યવૃત્તિ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ગુજરાત ટુડેના તંત્રીશ્રી અજીજ ટંકારવી સહીત અમદાવાદ-ગાંધીનગરમાં સ્થાયી થયેલ ભરૂચ વિસ્તારના પરિવારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## હિંમતનગરના શિક્ષિકાનો પગાર લેવા સાસરીયાઓ દ્વારા ત્રાસ આપતા હોવાની પાંચ વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૧૩

સમાજમાં મહિલાઓને પુરૂષસમોવડી ગણવાની અનેક વાતો થાય છે ત્યારે આજે પણ પુરૂષ પ્રધાન સમાજમાં મહિલાઓને જાણે કે ગુલામ બનાવીને રાખવામાં આવે છે. વાત જાણે એમ છે કે હિંમતનગરમાં રહેતી એક મહિલાને તેના સાસરીયાઓ દ્વારા નોકરીનો પગાર લેવા માટે લગ્ન બાદ અવારનવાર ધમકી આપવામાં આવતી હતી. આખરે કંટાળીને આ મહિલાએ શનિવારે પાંચ સાસરીયા વિરૂધ્ધ હિંમતનગર મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરની જય યોગેશ્વર સોસાયટીમાં રહેતા નીરૂબેન કાંતિભાઈ પટેલના લગ્ન પ્રાંતિજ તાલુકાના ઝીંઝવા ગામના બાબુભાઈ ત્રિકમભાઈના દીકરા કુનલકુમાર સાથે સમાજના રીતરિવાજ મુજબ કરાયા હતા. જયાં નીરૂબેનને એક પંદર વર્ષનો ધ્વનિલ નામનો પુત્ર છે. જોકે સુખી પરિવારના હોવાને કારણે નીરૂબેન તલોદમાં આવેલી કન્યા શાળા નં.૨માં ૧૬ વર્ષથી શિક્ષિકાની નોકરી કરે છે. પરંતુ લગ્નના એક વર્ષ બાદ સાસરીયાઓ દ્વારા નોકરીનો પગાર લેવા માટે નીરૂબેન પર ત્રાસ ગુજારી મારઝૂડ કરવામાં આવતી હતી અને ઘરમાંથી કાઢી મૂકી જાનથી મારી નાખવાની ધમકી અપાતી હતી.

દરમિયાન તા.૧૧ સપ્ટેમ્બરના રોજ નીરૂબેન ઘરમાં ટીવી જોતા હતા ત્યારે તેમના સસરા, સાસુએ કુનલને ચઢામણી કરાઈ હતી. જેથી ઝઘડો થયો હતો. દરમિયાન નીરૂબેન પાસેથી ટીવીનું રીમોટ છીનવી લઈને ગાળો બોલી અપમાનિત કરવામાં આવ્યા હતા. જેથી નીરૂબેને ઘરેથી નીકળી જઈ ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં જાણ કરતા પોલીસે આવી તેમને લઈ ગયા હતા. ત્યારબાદ નીરૂબેને પાંચ સાસરીયા વિરૂધ્ધ હિંમતનગર મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

**કોની વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ**

- કુનલકુમાર બાબુભાઇ પટેલ
- બાબુભાઇ ત્રિકમભાઇ પટેલ
- શાન્તાબેન બાબુભાઇ પટેલ
- રેશમાબેન રામચંદ્રકુમાર પટેલ
- રામચંદ્રકુમાર અમૃતભાઇ પટેલ

(તમામ રહે.જય યોગેશ્વર સોસાયટી જીવનધારા, હિંમતનગર)

## કચ્છ કડવા પટેલ સમાજ નરોડા દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

શ્રી કચ્છ કડવા પટેલ સનાતન સમાજ નરોડા દ્વારા ઈનામ વિતરણ અને સાંસ્કૃતિક કાર્યક્રમ સેક્ટર-૧૭ ટાઉનહોલ ખાતે યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામા ભાઈ-બહેનો સહિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગરના ટાઉનહોલ ખાતે હવે અમદાવાદથી લોકો સાંસ્કૃતિક કાર્યક્રમો માટે આવે છે. અમદાવાદ શહેરમાં ઘણા બધા હોલ ઉપલબ્ધ છે પરંતુ ટ્રાફિક સમસ્યા અને વધુ અંતરે હોવાથી અમદાવાદના શહેરીજનો ગાંધીનગર ટાઉનહોલને પ્રથમ પસંદ કરે છે. યોગ્ય સુવિધાસભર અને પાર્કિંગ વ્યવસ્થા સાથેનો ટાઉનહોલ હોવાથી અમદાવાદ શહેરીજનો પણ હવે ટાઉનહોલન્મા અવનવા કાર્યક્રમો યોજે છે. જેમાં ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે શ્રી કચ્છ કડવા પટેલ સનાતન સમાજ નરોડા દ્વારા સમાજના કે.જી. નર્સરીથી કોલેજ તેમજ ઉચ્ચ અભ્યાસક્રમના ૩૨૫ વિદ્યાર્થીઓને આશ્વાસન ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. બપોર બાદ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાળકોએ સુંદર ડાન્સ, ગીત ગાઈને હાજર લોકોને આનંદિત કરી દીધા હતા. આ પ્રસંગે સમાજના પ્રમુખ હસમુખભાઈ સુરાણી, મંત્રી રમેશભાઈ વડિલ કારોબારી દેવજીભાઈ લીમ્બાણી, મહામંત્રી હરિભાઈ સહિત મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

## પાદરા તાલુકામાં સ્કીલ ડેવલપમેન્ટ કેમ્પસ સ્થાપવાની દિશામાં સક્રિય વિચારણા

ગાંધીનગર, તા. ૧૩

રાજ્યમાંપાદરા તાલુકામાંસ્કીલ ડેવલપમેન્ટ કેમ્પસ સ્થાપવાની દિશામાં રાજ્ય સરકારે સક્રિય વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

શ્રમ અને રોજગાર વિભાગ સાથે સંકળાયેલ વિગતો મુજબ તાજેતરમાં ઉચ્ચ અધિકારીઓની મળેલી એક બેઠકમાં ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા મુખ્યમંત્રી સાથેની ચીન પ્રવાસ દરમ્યાન જેની મુલાકાત લીધી હતી તેવા એક સ્કીલ ડેવલપમેન્ટ કેમ્પસની વિગતો પ્રેઝન્ટેશન દ્વારા રજુ કરવામાં આવી હતી. આ પ્રેઝન્ટેશન નિહાળ્યા બાદ રાજ્ય સરકાર ગુજરાતમાંપાદરા તાલુકામાંસ્કીલ ડેવલપમેન્ટ કેમ્પસ સ્થાપવાની દિશામાં વિચારણા કરવા અને આ અંગે યોગ્ય કાર્યવાહી કરવા માટે સંબંધીત વિભાગોને સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

## નેતાઓની મંત્રણા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આશ્રમ સુધીની રેલીને મોકુફ રાખવાનો નિર્ણય કર્યો હતો. ગાંધીનગરમાં આવતીકાલે હાર્દિક પટેલ અને આનંદીબેન વચ્ચે વાતચીત થયા બાદ નવી તારીખ જાહેર કરવામાં આવનાર છે. ગઈકાલે અનામત રેલીની ધ્યાનમાં લઈને નવસારીને કિલ્લામાં ફેરવી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. નવસારી જિલ્લા વહીવટી વિભાગ દ્વારા ૫ એસઆરપીની ટીમ, ૨ એસપી, ૭ ડીવાયએસપી, ૩૭ પીઆઈ, ૯૭ પીએસઆઈ ઉપરાંત સ્થાનિક તથા જિલ્લા બહારની પોલીસ સાથે અંદાજિત ૨૦૦૦ જેટલા જવાનો અને સીઆરપીએફની પ્લાટુન તૈનાત કરી દેવામાં આવી હતી. સાથે સાથે ઈન્ટરનેટ સેવા પણ બંધ કરાઈ હતી.

## સાફ ઈન્કાર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોઈપણ પ્રકારના મતભેદો નથી.

શહેરના સોલા પાસે ઉમિયા કેમ્પસમાં પાટીદાર પરિવાર ટ્રસ્ટના નેજા હેઠળ મળેલી પાટીદાર ચિંતન શિબિરમાં હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, સરાકરને હવે વિશ્વના ૧૪ દેશોમાં વસતા પાટીદારો દ્વારા વિરોધ થવનો ડર લાગી રહ્યા છે જેના કારણે સરકાર ચિંતિત બની છે.

હાર્દિકે એમ પણ જણાવ્યું હતું કે, મારાથી કોઈ ભુલ થઈ હોય તો માફ કરજો. હવે પાટીદાર અનામત આંદોલન સંપૂર્ણ અહિંસાના માર્ગે આગળ વધશે. મારી અને લાલજીભાઈ વચ્ચે કોઈ મતભેદો નથી. તેમણે વધુ એકવાર અનામતની લડાઈ મેરેથોન દોડ હોવાની વાતનો પુનરોચ્ચાર કર્યો હતો. બીજી તરફ લાલજી પટેલે પણ તેમની અને હાર્દિક વચ્ચે કોઈ મતભેદ ન હોવાનું ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, હું લોકોને જવાબ આીપ આપીને થાક્યો કે અમારી વચ્ચે કોઈ મતભેદ નથી. હું જાહેરમાં કેમેરા સામે કહેતો કે હાર્દિક મારો નાનોભાઈ છે. તો પણ ટીવી ચેનલોવાળા અમારી વચ્ચે બેફાડ કરતા હતા. હું જ્યા પણ જાઉ ત્યાં લોકો કહેતા કે હવે તમે ભેગા થાવ અને હું કહેતો કે અમે અલગ નથી. લાલજી પટેલે અનામત નહીં તો વોટ નહીનો નારો પણ વહેતો કર્યો હતો. આવતીકાલે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સાથે હાર્દિક પટેલ અને અન્યોની મહત્વપૂર્ણ બેઠક યોજાનાર છે જેમાં કોઈ સમાધાનની ફોર્મ્યૂલા તૈયાર કરાશે કે કેમ તેને લઈને ચર્ચા છે.




## માલપુર જાયન્ટસ ગ્રુપ દ્વારા શ્રીમદ પ્રજ્ઞાપુરાણ કથા-સત્સંગ જ્ઞાન યજ્ઞ યોજાયો

માલપુર જાયન્ટસ ગ્રુપ દ્વારા અર્વાચીન યુગની આ વિકટ પરિસ્થિતિને અનુલક્ષીને ગાયત્રી પરિવારના પ્રણેતા, વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદટા પંડીત શ્રી રામશર્મા આચાર્યજીએ ૧૯મા પુરાણ 'શ્રીમદ્ પ્રજ્ઞાપુરાણ'ની રચના કરી હતી. આ પુરાણનો ગ્રંથ તેમાં રહેલી જીવન વિદ્યા જન જન સુધી પહોંચે તેવા શુભ આશયથી પવિત્ર શ્રાવણ માસના અંતિમ ત્રણ દિવસ "શ્રીમદ્ પ્રજ્ઞાપુરાણ" અને સત્સંગ જ્ઞાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કથાકારશ્રી અને ગાયત્રી ઉપાસક પૂજ્ય મધુબા સોલંકી દ્વારા માલપુર નગર અને માલપુર તાલુકાના પ્રજાજનોને કથાનું રસપાન કરાવ્યું હતું. જાયન્ટસ ગ્રુપ દ્વારા ત્રણ દિવસ દરમ્યાન વૃક્ષારોપણ, વ્યસનમુક્તિ, બ્લડગ્રુપ અને બ્લડ તંદુરસ્તીનો સેમીનાર યોજાયો હતો. (તસવીર : જય અમીન, મોડાસા)

## તલાટી કમ મંત્રી બનશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ માટેની સંપૂર્ણ તૈયારીઓ તંત્ર દ્વારા કરી દેવામાં આવી છે.

જિલ્લામાં હાલ તલાટી કમ મંત્રીની ૭૦ જેટલી જગ્યાઓ ખાલી છે તેમજ કલેક્ટર કચેરી અને મામલતદાર કેચરીમાં પણ ફરજ બજાવતા મહેસુલી તલાટીની ૨૦ થી વધુ જગ્યાઓ ખાલી પડેલી છે.

પંચાયતમાં વર્ગ-૩ના કર્મચારીઓની સૌથી મોટી ઘટ હોવા છતાં માત્ર ૯ જુનિયર કારકુનની જગ્યા મંજૂર કરાઈ હોવાથી નારાજગી પ્રવર્તતી પણ જોવા મળી રહી છે. આ સંવર્ગની ભરતીના અભાવે ઘણા સમય સુધી સિનીયર કારકુન સંવર્ગમાં બઢતી ન અપાતા સામાન્ય સભામાં પણ મુદ્દો ચર્ચાયો હતો.

## બોલીવુડમાં ડંકો...

● ત્રીજા પાનાનું ચાલુ

તેમ કહી પૈસા લઈ રફુચક્કર થઈ જાય છે. ગુજરાતી કેટલાંક યુવાનો ઘરમાંથી ચોરી કરીને પણ હિરો બનવા અહીં આવતા હોય છે. પરંતુ અહી આવ્યા પછી હક્કીકત જાણી ને પૈસા ખાલી થતા ઘરે પરત પહોંચે છે. ગુજરાતના યુવાનો એ આવું કરવું નહિ.તમારામાં અભિનયની કળા હોય તેમજ યોગ્ય માર્ગદર્શન હોય તો આવો ચોક્કસ આગળ આવશો. મુંબઈની બોલીવુડની માયાજાળમાં પોતાના જોરે અભિનયની આવડત થી ગાંધીનગરના હિમાંશુ એ સારી એવી નામના મેળવી ગુજરાત અને ગાંધીનગરને ગૌરવ અપાવ્યું છે. તે જોઈને હરખાવા જેવું તો ખરું ભાઈ હો...

## પારિજાત

(ચોથા પાનાનું ચાલુ...)

એથીએ દુઃખદ અનુભવ છે ભારત-પાકિસ્તાનના ભાગલા વખતે હિજરત કરી રહેલા લાખો હિન્દુ-મુસ્લિમ કુટુંબોએ વેઠેલી અસહ્ય યાતનાઓનો, પોતપોતાના ઘર-વેપાર-મિલ્કતો-ખેતરો જેમનાં તેમ મૂકી દઈને પહેરેલ કપડે દેશ છોડવો પડ્યો હતો. અને કેટલાંયે લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો, સ્ત્રીઓ એ પોતાની આબરુ ગુમાવી હતી અને જે લોહિયાળ જંગ ખેલાયો હતો તે કયારેક ભૂલી ન શકાય તેવો દુઃખદ હતો.

માત્ર રેફયુજી કે શરણાર્થી એમ કહીને ઉલ્લેખ કરવાથી, જે તે વ્યક્તિઓએ વેઠેલી યાતનાઓ આપણને સહેજ પણ અંદાજ આવી શકે નહીં. એ તો જેના ઉપર વીતી હોય તે જ જાણી શકે.

આપણે તો માત્ર એટલું ઈચ્છીએ શકીએ કે કોઈને પણ પોતાનું ઘર/વતન મજબૂરીથી છોડવું ન પડે.

## કાયદો અને કાનૂન

(ચોથા પાનાનું ચાલુ...)

આપી ન્યાયતંત્રની ટીકા ટીપ્પણી કરી આત્મસંતોષ મેળવે છે અને પોતાને ટીવી સ્ટાર માનતા થઈ જાય છે જેની અસર સંભવિત ચુકાદાઓમાં ચોક્કસ પડે છે અને લોકોનો ન્યાય પ્રણાલી ઉપરથી વિશ્વાસ ઉઠી જાય છે ન્યાયાલય અને ન્યાયમૂર્તિની આદર ભાવના ચરિત્ર આવા પરિબળો ઉછાળે છે. ન્યાયાધિશો કામકાજના સમય દરમ્યાન કોર્ટમાં બેસવું જોઈએ ચેમ્બરમાં નહિ તેમજ કામકાજ ના દિવસો દરમ્યાન રજા રાખવી અનુચિત છે પરંતુ હવે લીવ કન્સેશન્સની સગવડો મળતા આનો ભંગ થાય છે. જજની છબી સામાન્ય જનતામાં એવી હોવી જોઈએ કે દેખતા સામાન્યપણે સાંસારીક લાગે પણ અંતરમનથી શુધ્ધ, સ્ફટીક અને પારદર્શી લાગે તે જ સમાજની અપેક્ષા હોય છે એટલે તો ન્યાયાધિશને ન્યાયમૂર્તિથી ઓળખવામાં આવે છે જે છાપ હવે ચોક્કસ ભુંશાતી જાય છે. ન્યાયપાલીકાનું સતીત્વ એકમાત્ર ન્યાયાધિશના હાથમાં જ છે જો તે ગરીમા પૂર્વક વર્તન નહી કરે તો ન્યાયતંત્રનું સતીત્વ જોખમમાં મુકાશે તેમાં કોઈ જ શંકા નથી અને સામાન્ય માણસનો ન્યાયપાલીકા ઉપરથી સદંતર વિશ્વાસ ઉઠી જશે જે સત્ય હક્કિત છે.

## સંગીતસભર સ્મરણાંજલિ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સૌરાષ્ટ્ર કચ્છ સેવા ટ્રસ્ટ ગાંધીનગર અને જુનિયર સીટીઝન કાઉન્સિલના સંયુક્ત ઉપક્રમે નગરના સ્વજનોને એક યાદગાર સ્મર્ણાંજલી અર્પવામાં આવી. ખૂબીની વાત તો એ રહી કે આ સ્મર્ણાંજલીના કાર્યક્રમમાં બેસણાં જેવું ભારેખમ વાતાવરણ ન હતું, પરંતુ લય-તાલ, સ્વર-સુર સાથે સંગીતમય ઉષાસભર યાદો અને સંસ્મરણોની ફૂલોની મહેક હતી.

ભાગવત ગીતામાં કહ્યું છે કે, સ્વાર્થનો વિસ્તાર કરો. મારું કુટુંબની ભાવનાને વિસ્તારીને સમાજ, શહેર, રાજ્ય, રાષ્ટ્ર, વિશ્વ સમસ્ત મારું એવી ભાવનાનો વિસ્તાર કરવાની દિશામાં આ કાર્યક્રમ મહત્વનું પગલું બની રહે છે.

ગાંધીનગરની ગલીએ ગલીમાં જેના સૂર અને લયના સ્વર ગૂંજે એવા ભાઈ બિરેન પુરોહિત અને તેમના કલાકારવૃંદે જ્યારે પરમાત્માના પ્રેમના શ્લોક ગાઈને આ ભાવસભર કાર્યક્રમની શરૂઆત કરી ત્યારે સાહજિક રીતે સ્વામી રામતીર્થજીના શબ્દો માનસપટ ઉપર તરવરવા લાગ્યા.. પ્રાર્થના કરવી એટલે ફરી ફરી શબ્દો ઉચ્ચારવા એ નહીં, પ્રાર્થના એટલે તો પરમાત્મા સાથેની ગોઠડી. પરમ તત્વનું સજાગ ચિંતન."

સંબંધની પરીભાષામાં ઈશ્વર બાદ માનવીના જીવનમાં સૌથી નજીક અંગત જો કોઈ પાત્ર હોય તો એ 'મા' છે. કહેવાય છે ને કે, પ્રત્યેક ઘરે ભગવાન ન પહોંચી શકે એટલે એણે એના પ્રતિનિધિ સ્વરૂપે 'મા' મોકલી આપી. 'મા'ની સ્મૃતિને વાગોળતા બિરેનભાઈએ દામોદર ખુશાલદાસ બોટાદરકરજીની અમર રચના 'જનનીની જોડ સખી નહી મળે રે લોલ...' ભાવવાહી સ્વર સાથે રજૂ કરતા સૌ કોઈની આંખના ખૂણા ભીના થઈ ગયા. બાળકો માટે 'મા'નું શું સ્થાન છે એ પ્રસ્તુત કરવા માટે ગાંધીનગરની જ જાણીતી ગાયિકા બહેન દ્યુતિ વસાવડાએ તારે જમી પર ફિલ્મનું 'મે કભી બતલાતા નહીં...' રજૂં કર્યું.

'તુમકો દેખા તો યે ખયાલ આયા, ચીઠ્ઠી ના કોઈ સંદેશ, પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા... અને તુમ હી મેરી મંઝીલ...' ગીતોની લયબદ્ધતા સાથે બિરેનભાઈ અને દ્યુતિબહેન ભાવવાહી બનાવી સંસ્મરમોના સરોવરમાં રીતસર ડૂબકી લગાવવા મજબૂર કર્યા.

જીવનના તમામ સંબંધોનું નામ જન્મતાની સાથે ઈશ્વર દ્વારા મળી જતું હોય છે, પણ માત્ર એક જ સંબંધ એવો છે કે માણસ જાતે નક્કી કરીને બાંધે છે,. જાળવે છે, વિકસાવે છે... અને એ સંબંધ એટલે 'દોસ્તી'નો સંબંધ... 'નહીં રે જાણેલી કૃષ્ણ સુદામાની જોડી... અને રાધાનું નામ તમે...' ગીતોની પ્રસ્તુતિથી આખું ઓડીટોરીયમ સખાભાવના વાતાવરણથી જીવંત બની ગયું. ગુરૂ અને હૃદયની નજીક એવા અગ્રણીની યાદમાં 'ગુરૂ કૃપાજંન પાયો મેરે ભાઈ... અને હરી કીર્તીની હેલી...'ની ભાવનાસભર રચનાઓથી રસતરબોળ થઈ જવાયું.

ગાંધીનગરના જાગૃત નાગરિક, કલાપ્રેમી, ખંતિલા અને સીએલના લાડકા નામે ઓળખાતા એવા સી.એલ. મહેતાએ આ આખા લાગણીભર્યા કાર્યક્રમને ભાવવાહી રીતે પ્રસ્તુત કર્યો. ભાઈ સીએલે ગાંધીનગરના બંને મુક્તિધામો (સ્મશાનગૃહો), કબ્રસ્તાન અને દેવળમાં જઈને છેલ્લા વર્ષ દરમિયાન વિદાય લીધેલા નગરજનોની સૂચી મેળવી એમના સ્વજનોને પ્રેમપૂર્વક આ સ્મરણાંજલિમાં સંકળાયા હતા. એક સાદો છતાં ગરીમાપૂર્ણ લાગણીસભર સંવાદ સાધવાનો સૌરાષ્ટ્ર કચ્છ સેવા ટ્રસ્ટ ગાંધીનગર અને જુનિયર સીટીજન કાઉન્સિલના સૌ કોઈ મિત્રોએ અનોખો પ્રયોગ કર્યો.

ગાંધીનગર શહેરમાં આ પ્રકારની સ્મર્ણાંજલિનો સૌ પ્રથમવાર કાર્યક્રમ યોજાયો અને ઉપસ્થિત નગરજનોએ આ ભાવસભર કાર્યક્રમ પ્રતિવર્ષ યોજવાની પરંપરા પ્રસ્તાપિત કરવા એક અવાજે સંમંતિ આપી. ગાંધીનગરના અગ્રણી ડેકોરેટર મનસુરીભાઈએ સાદા છતા ગરિમાપૂર્ણ કાર્યક્રમનું ગૌરવપૂર્ણ રીતે ઓડીટોરીયમ સજાવટનું કાર્ય ઉપાડી લીધું. ગાંધીનગરના બીજા એક મિત્ર હિરેન ભટ્ટે નગરના સદ્ગત સ્વજનોની તસવીરોને સંમેલિત કરીને આકર્ષક ડિઝાઈનવર્ક કર્યું.

જાણીતા ગઝલકાર ધુની માંડલિયાજીના શબ્દો યાદ આવે કે, જીવન સ્થગિતતાનું નામ નથી, સતત ખળખળ વહેતા ઝરણાં જીવનનું યશોગાન છે. વિવેકપૂર્ણ ગતિ એનું નામ જીવન, જીવન સતત આગે બઢોને લલકારે છે... પડકારે છે.. આ લલકાર અને પડકારને ઝીલી જીવનને સંસ્મરણોના ફૂલોની સુગંધથી મહેકાવવાનું મજાનું કાર્ય શનિવારની એ સાંજેં નગરના ટાઉનહોલના પગથારેથી પ્રારંભાયું...